# નાગરીકો --- અન્નાજીના જનલોકપાલ, વિથ રાઈટ ટુ રિકોલ લોકપાલ (જો લોકપાલ ભ્રષ્ટ થાય તો),ના કાયદાને ટેકો આપો





૧૬-ઓગસ્ટે મનમોહનસિંહએ આદેશ આપ્યો કે અન્નાજી અને તેના આંદોલનકારીઓની ધરપકડ કરો. અગાઉ, મનમોહનસિંહે ૪-જુનએ પોલિસને આદેશ આપ્યો કે - સ્વામી રામદેવજીનાં હજારો  અહિંસક આંદોલનકારીને રાતનાં એક વાગે ઢોર માર મારો અને મંડપમાં આગ લગાડો. આવા આદેશો આપવાની મનમોહનસિંહની મજાલ કેમ થઈ? કેમકે આપણા ભારતનાં નાગરીકો પાસે **'રાઈટ ટુ રિકોલ પ્રધાનમંત્રી'** અર્થાત પ્રધાનમંત્રીને હાંકી કાઢવાની પ્રોસીજર નથી . જો આપણી પાસે 'રાઈટ ટુ રિકોલ પ્રધાનમંત્રી' અર્થાત પ્રધાનમંત્રીને હાંકી કાઢવાની પ્રોસીજર હોત, તો મનમોહનસિંહે જુન-૪એ આવી રીતે ૧ વાગે પોલિસ મોકલવાની મજાલ ન કરી હોત અને અન્નાજીની ધરપકડ ન થઈ હોત.

આ 'રાઈટ ટુ રિકોલ પ્રધાનમંત્રી' , 'રાઈટ ટુ રિકોલ સુપ્રિમ કોર્ટ જજ' અને 'રાઈટ ટુ રિકોલ લોક્પાલ' એટલે શુ? આ ત્રણે પ્રસ્તાવિત ગેઝેટ નોટીફીકેશનના લખાણો છે. આ લખાણો જો આપણે નાગરીકો પ્રધાનમંત્રી પાસે ગેઝેટમાં

મુકાવવામાં સફળ થઇએ, તો આપણા નાગરીકોને સત્તા અને પ્રોસીજરો મળશે, કે નાગરીકો કોઇ પણ દિવસે પ્રધાનમંત્રી, સુપ્રિમ કોર્ટનાં ન્યાયમુર્તિ અથવા લોકપાલ ભ્રષ્ટાચારી કે દમનકારી બને, તો નાગરીકો તેને નોકરીમાંથી હાંકી કાઢી શકીયે. આવીજ રીતે ભારતની તમામ મહત્વની સત્તાઓ, જેમકે પોલિસ કમિશનર, જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા ન્યાયાધીશ, મુખ્યમંત્રી, હાઇકોર્ટ ન્યાયાધીશ વગેરે જો તેઓ ભ્રષ્ટકે દમનકારી બને, તો તેમને નાગરીકો હાંકી કાઢી શકે, તેવી પ્રોસીજરો મે સુચવી છે.

**અમેરીકાની પોલિસમાં અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર ભારતની પોલિસ અને ન્યાયાધીશો કરતા કેમ ઓછો છે?** આ પ્રશ્ન ક્યારેક બુદ્ધીજીવીઓને પુછીયે તો તેઓ વિચિત્ર જવાબો આપે. કોઇ બુદ્ધીજીવી કહે કે -- તમે કત્થઇ ચામડીવાળા ભારતીયોએ ગોરી ચામડીના અમેરીકનો સાથે સરખામણી કરવાની મજાલ પણ ન કરવી જોઇએ. કોઇ બુદ્ધીજીવી કહે કે -- અમેરીકાનાં નાગરીકોનું પોલિટીકલ કલચર સારુ છે અને ભારતનાં સામાન્ય નાગરીકોનું પોલિટીકલ કલચર હલકુ છે. અને એટલેજ ભારતમાં પોલીસ અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર વધારે છે. અર્થાત, અમો ભારતમાં સામાન્ય નાગરીકો હલકા કલ્ચર (કલ્ચર એટલે સંસ્કાર) વાળા છીએ. અને પોલીસ, ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર વધારે છે, તેનુ કારણ અમો સામાન્ય નાગરીકો છીએ !! અને કોઇ બુદ્ધીજીવી એમ પણ કહશે -- કે ભારતમાં પોલિસમાં અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર વધારે છે, કેમકે -- તમો સામાન્ય નાગરીકોમાં જાગૃતિ નથી. વાહ બુદ્ધીજીવી વાહ !! અને વાહ તમારા ચાર આંકડાનો આઇ.ક્યુ !! લાંચ લેવાનો ગુન્હો પોલિસ અને ન્યાયાધીશો કરે અને તેમાં પણ તમો કુબુદ્ધીજીવીઓને વાંક અમો સામાન્ય નાગરીકોનો અને અમારા કલ્ચરનો કાઢવો છે?

બુદ્ધીજીવીઓનું આ કેરેકટર, પોલિટિકલ કલ્ચર, જાગૃતિ વગેરેનુ મહાજ્ઞાન મારી સામાન્ય બુદ્ધિથી અને સમજથી પરે છે. તો પછી ભારતની પોલિસમાં ભ્રષ્ટાચાર વધારે છે, તેના એવા કારણ ખરા કે આપણે સામાન્ય માણસોનાં મગજમાં આવી શકે? હા. એવા સરળ કારણો છે – કે જે આપના અને મારા જેવા સામાન્ય નાગરીકની સમજમાં આવી શકે.

અમેરીકાની પોલિસમાં ભ્રષ્ટાચાર ઓછો છે, તો તેનુ એક્માત્ર કારણ છે – **અમેરીકામાં નાગરીકો પાસે ત્યાંના જિલ્લા પોલિસ કમિશ્નરને અને ન્યાયાધીશોને હાકી કાઢી મુકવાની પ્રોસીજર -- યાને રાઇટ ટુ રિકોલ -- છે**. ભારતમાં અમો નાગરીકો પાસે માત્ર મિનીસ્ટર કે ન્યાયમુર્તિ પાસે ફરીયાદ કરવાની સત્તા માત્ર છે -- કમિશ્નર સાહેબને કાઢી મુકવાની સત્તા અમો નાગરીકો પાસે નથી. આ કાઢી મુકવાની સત્તા માત્ર મિનીસ્ટર કે ન્યાયમુર્તિઓ પાસે છે. અમેરીકામાં નાગરીકોને તેમના જિલ્લા પોલિસ કમિશ્નરને નોકરીમાંથી કાઢી મુક્વો હોય તો નાગરીકોએ મિનિસ્ટર કે કોર્ટના ધક્કા નથી ખાવા પડતા. નાગરીકો જાતે બહુમતિ સાબિત કરી તેમના જિલ્લા પોલિસ કમિશ્નરને બદલી શકે છે. આમ, અમેરીકાનાં તમામ ૨૦૦૦ જિલ્લા પોલિસ કમિશ્નરોને હંમેશા એકજ ભય હોય છે – કે જો પોતે ખુબ લાંચ લેશે અથવા જો સ્થાનિક પોલિસમાં ભ્રષ્ટાચાર વધશે, તો નાગરીકો તેને કાઢી મુકશે. એટલે કમિશ્નર પોતે નહીંવત લાંચ લે છે અને નીચેનાં સ્ટાફ પર પણ કંટ્રોલ રાખે છે. અને ભારતમાં અમો નાગરીકો પાસે કમિશ્નર બદલવાની સત્તા નથી, આ સત્તા માત્ર મિનિસ્ટર પાસે છે. પરિણામ? કમિશ્નરો પી આઇ ને ટાર્ગેટ આપે છે, અમુક ભાગ પોતે રાખે અને અમુક મિનિસ્ટરને પહોંચાડે.

પ્રધાનમંત્રીની ડાંડાઇ તો આપણે જોઇ. જો શાંતિપર્ણ દેખાવા ન કરવા દેવા હોઇ, તો તમામ ભારતમાં કલમ–૧૪૪ લગાડી દે. પણ દેખાવાની પરવાનગી આપ્યા પછી, કોઇપણ જાતની હિંસાનો બનાવ ન બન્યો હોવા છતા, પ્રધાનમંત્રીએ જુન–૪એ રાતનાં એક વાગે ૫૦૦૦ પોલિસ મોકલી. સવારનાં આ કામ ન થઇ શકત? અન્નાજીએ કોઇ હિંસાની વાત નહતી કરી. છતા તેમની ધરપકડ થઇ. **સુપ્રિમ કોર્ટનાં ન્યાયમુર્તિ સી. જે. ખરેએ ભારતમાં આઠ વર્ષની ૩ બાળકીઓ પર બળાત્કાર કરનાર અને વિડીયો ઉતારનાર સ્વીટ્જરલેન્ડના અબજપતિને જામીન આપી દિધા હતા**, જેથી તે ભારત છોડી નાસી શક્યો. કોને ખબર કેટલામાં તોડ થયો. આવા ચુકાદાઓ આવ્યા પછી ભારતમાં ૯૯ ટકા નાગરીકોને ન્યાયમુર્તિઓમાં વિશ્વાસ નથી. આ ભ્રસ્ટાચાર નાથવા અન્નાની લોકપાલના કાયદાની માંગણી કરે છે. આ કાયદાને આપણે ટેકો આપવો જોઇએ. પણ લોક્પાલ ભ્રષ્ટ અથવા નબળો હોય તો? લોક્પાલ જો ભ્રષ્ટ કે દમનકારી બને તો, શુ નાગરીકોએ સહન કરવાનુ, હાથ જોડીને ઉભા રહેવાનુ અને ફરીથી પાંચ વર્ષ રાહ જોવાની? **ના . મંત્રીઓને કહોકે આજને આજ લોક્પાલનાં કાયદામાં રાઇટ ટુ રિકોલ કરપ્ટ લોકપાલની કલમો , ઉમેરી તેને પસાર કરે.**

જો આપને આની ઓફસેટ નકલો કરાવી હોય, તો મિરર http://rahulmehta.com/008.g.mirror.pdf પર મળશે.

**રાઇટ ટુ રિકોલ, એફ-૧-એ, સુપથ-૨ ફ્લેટ, જુના વાડજ બસ સ્ટેન્ડ** પાસે, અમદાવાદ–૯., રવિવાર ૧૦–૨